ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૯-૦૭-૨૦૨૨

- **લંપિ વાયરસના ભોગે થયેલ હજારો ગૌમાતા અને ગૌવંશના મૃત્યુનાં મુદે રાજકારણ ન હોવું જોઈએ હજારો ગૌમાતા ના મૃત્યુનું મહાપાપ ગુજરાતની ભાજપ સરકારને લાગશે : શ્રી જગદીશ ઠાકોર**
- **લંપી અસરગ્રસ્ત મુન્દ્રા વિસ્તારની પાંજરાપોળો,ગોપાલકો ની મુલાકાત લઈ વેદના જાણી**
- **કચ્છ જીલ્લાના મુંદ્રા તાલુકાના પ્રાદપર ચોકડી ગૌ શાળા, કારાઘોઘા, મોટી ભુજપર, બિદડા, જરપરા વિસ્તારની મુલાકાત સમયે ગાય માતાની સ્થિતી જોઈ શ્રી જગદીશ ઠાકોર રડી પડ્યા.**
- **લમ્પી વાયરસના કારણે ગાય માતા રીબાઈ રીબાઈને મરી રહી છે, સરકાર જાહેરાતોને બદલે તાત્કાલીક પગલા ભરે નહી તો મોટા પ્રમાણમાં ગાય માતાઓના મોત થશે.**

ગુજરાતમાં મે મહિનાથી ગૌવંશમાં લમ્પી નામના ભયાનક વાયરસે દેખા દિધા બાદ પણ તંત્ર જાણે કુંભકર્ણ નિદ્રાધિન રહ્યું હોય, તંત્ર દ્વારા લમ્પી રોગ બાબતે ખેડૂતો, માલધારીઓ, પશુ પાલકોને માહિતગાર કરવા, આ રોગ સામે રસિકરણની અસરકારક કામગીરી વગેરેમાં તંત્ર સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે ત્યારે કચ્છ જીલ્લાના મુંદ્રા તાલુકાના પ્રાદપર ચોકડી ગૌ શાળા, કારાઘોઘા, મોટી ભુજપર, બિદડા, જરપરા વિસ્તારની મુલાકાત લેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં લંમ્પી વાયરસના કારણે હજારો ગૌમાતાઓ મોતને ભેટી છે પશુપાલકોને ગાયોના મૃત્યુ બાબતે કોઈપણ વળતરની રકમ મળી નથી હજી હજારો ગાયો સારવાર હેઠળ છે આ રોગને નાથવામાં ભાજપ સરકાર તેમજ જિલ્લાનું તંત્ર સદંતર નિષ્ફળ નીકળ્યું છે. આ સમય ગૌમાતા ના મોતને માધ્યમ બનાવી અને રાજકારણ કરવાનું નથી પરંતુ હજારો ગૌમાતા મૃત્યુ પામી તે વાસ્તવિક પરિસ્થિતિ જાણી તેનાથી ખરેખર ખૂબ જ દુઃખ અનુભવું છું. ગુજરાતની ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ નીકળી છે હજી પણ હજારો ગાયો સારવાર હેઠળ છે પાંજરાપોળોમાં આઠ-આઠ માસથી સરકાર સબસીડી ચુકવી નથી શકતી પરિણામે સંચાલકો અબોલપશુના નિભાવ માટે ખૂબ જ આર્થિક કટોકટી અનુભવી રહ્યા છે ખરેખર આવી પરિસ્થિતિમાં જો સરકાર હજારો ગાયોના મૃત્યુ બાદ પણ ગંભીરતા નહીં દાખવે તો આ ગૌહત્યાનું મહાપાપ ગુજરાતની ભાજપ સરકારને લાગવાનું છે આ મૂંગા પશુઓ જે મોતને ભેટ્યા છે તેનાથી સરકારની વિરુદ્ધમાં જીવદયા પ્રેમીઓમાં ભયંકર રોષ ની લાગણી પ્રવૃત્તિ રહી છે જે માટે સરકારે નક્કર કામગીરી કરવી જોઈએ.

મોટા ભાગના જિલ્લાઓમાં સતત અને અવિરત વરસાદના કારણે મોટાભાગના પશુપાલકોનો ઘાસચારો પલળી ગયો છે ત્યારે આ રોગચાળામાં પશુઓને રોગ પ્રતિકારક શક્તિ માટે વધારે ખોરાકની જરૂર હોવા છતાં તેમને પલળી ગયેલો ખોરાક ખાવો પડે છે ત્યારે રાજ્યમાં આવેલા ઘાસચારા ગોદામોમાં ઘાસ સડી રહ્યું છે તેથી રાજ્યના ઘાસચારાના તમામ ગોદામો અત્યારે ખુલ્લા મૂકી પશુપાલન વ્યાવસાયિકો, ગૌશાળા સંચાલકો, પાંજરાપોળ સંચાલકોને અત્યારે ઘાસ પૂરું પાડવું જોઈએ. જે જિલ્લામાં ઘાસચારો ઉપલબ્ધ ન હોય તેવા જિલ્લામાં બીજા જિલ્લાઓમાંથી ઘાસચારો મંગાવીને પણ ઘાસચારો પૂરો પાડવો જોઈએ. અત્યારે રાજ્યમાં

સરકારના ખોટા ગુણગાન કરવા વંદે ગુજરાત વિકાસ યાત્રાના તાયફાઓરૂપી રથ ફરી રહ્યા છે આ રથ હંકારવાની જવાબદારી પશુ ચિકિત્સકને પણ આપવામાં આવી છે દુઃખની વાત એ છે કે તાલુકા મથકે માત્ર એક જ તો પશુ ચિકિત્સક હોય અને તેને જવાબદારી આ તાયફાઓના રથ હંકારવાની આપી હોય તો એ પશુ ચિકિત્સક પણ શું કરે ? તો પશુ ચિકિત્સક બીમાર ગાયની સેવા કરે કે સરકારનો તાયફારથ હંકારે ? ત્યારે સરકાર પોતાના ખોટા ગુણગાન કરતા આ તાયફાઓના રથને હાલ પૂરતા પશુ એમ્બ્યુલન્સમાં તબદીલ કરી નાખવા જોઈએ અને પશુ ચિકિત્સકને સરકારી તાયફાનો રથ હંકારવાની જવાબદારી આપવાને બદલે ગૌવંશને બચાવવાની કામગીરી કરવા કામે લગાડવા જોઈએ

ગાયના નામે મત માંગનાર ભાજપ સરકારમાં ગાય માતા રીબાઈ રીબાઈને મરી રહી છે ત્યારે ગાય માતાને બચાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે માંગ કરી હતી કે, કોરોનાની જેમ લમ્પી વાયરસમાં ખોટા આંકડાઓ આપવાની જગ્યાએ સાચી માહિતી પુરી પાડે, કાગળ પર રસિકરણ કરવાની જગ્યાએ ગૌવંશને બચાવવા ખરેખર રસિકરણ કરવામાં આવે, ૭ મહિનાથી ગૌશાળાઓ, પાંજરાપોળોની સબસિડી બાકી છે તે તાત્કાલીક આપવામાં આવે, ગુજરાતમાં હજારો ગોદામોમાં લાખો ટનમાં ઘાંસચારો પડ્યો છે તે ખુલ્લો મુકવામાં આવે, ગૌવંશમાં લંપી નામના વાયરસને મહામારી જાહેર કરી તેને SDRFની જોગવાઈઓમાં સમાવેશ કરી મૃત ગાય બદલ પશુપાલકને વળતર તાત્કાલીક આપવામાં આવે.

લમ્પી વાયરસના કારણે પીડીત ગાયોની વેદના અંગે કચ્છમાં ગૌશાળા, પશુપાલકોની જાત મુલાકાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને સંગઠન સહપ્રભારીશ્રી રામકિશન ઓઝા, કિસાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષશ્રી પાલભાઈ આંબલીયા, કચ્છ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી યજુવેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ મહામંત્રી વિ.કે. હુમ્બલ, મુન્દ્રા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચંદુભા જાડેજા,મુન્દ્રા શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલભાઈ કેસરિયા, શૈલેન્દ્રસિંહ જાડેજા, વાલજીભાઈ દનીચા, અરજણભાઈ ભુડીયા, બચુભાઈ આરેઠીયા, નારણભાઈ સોંદરા, ઈમરાનભાઈ જત, નવીનભાઈ ફફલ, સલીમભાઈ જત, રામદેવસિંહ જાડેજા, પી.સી.ગઢવી, ચેતનભાઇ જોશી, ડો. રમેશ ગરવા, સ્મિત ગોસ્વામી, ભરતભાઈ સોલંકી,ગનીભાઈ કુંભાર, દીપક ડાંગર, કલ્પનાબેન જોશી, પુષ્પાબેન સોલંકી, આઈશુબેન સમા, કાંતાબેન સોધમ, મુકેશ સોલંકી, સાવન ખાટરીયા, રસિકબા જાડેજા કિરણ પટેલ, કિશોરદાન ગઢવી, યોગેશ પોકાર,ઈકબાલ મંધરા,મીઠુભાઈ મહેશ્વરી, ચંદુભા ઝાલા, ભુપેન્દ્રસિંહ જાડેજા, વિજયભાઈ બળીયા, હમિદ સમા, નારણભાઈ ગઢવી, મોહનભાઈ રામાણી એચ એસ આહીર, ખીમરાજ ગઢવી, ગોવિંદભાઈ દનિચા આર.એલ. આહીર, ભીખુભાઈ સોલંકી વિનયભાઈ પરસોળ કાંતિલાલ ઠક્કર જાવેદ પઠાણ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો, પશુપાલકો જોડાયા હતા અને ગાય માતાની લમ્પી વાયરસના કારણે ઉભી થયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા